GJBH110011752026

| | |
|---|---|
| રજૂ તારીખ | ૦૬/૦૮/૨૦૨૬ |
| દાખલ તારીખ | ૦૬/૦૮/૨૦૨૬ |
| ફેસલ તારીખ | ૧૨/૦૮/૨૦૨૬ |
| સમયગાળો | |
| વર્ષ ૦૦ માસ ૦૦ દિવસ ૦૬ | |

सत्यमेव जयते

**અંકલેશ્વરના વિ. પાંચમાં અધિક સત્ર ન્યાયાધીશ સાહેબની કોર્ટમાં,**
**મુકામ : અંકલેશ્વર**

**ફોજદારી પરચુરણ અરજી નંબર : ૫૫૩/૨૦૨૬**

**આંક :**

**અરજદાર:–** **દર્શન શિરીષકુમાર ઉર્ફે સુરેશભાઈ લાલન**
રહે.ફલેટ–૪૦૧, ચોથા માળે, જાસ્મીન બિલ્ડીંગ, સ્લીપિંગ લોશન સોસાયટી, મનીષા ચોકડી પાસે, વડોદરા.

**વિરૂધ્ધ**

**સામાવાળા :– શ્રી સ ર કા ર**

========================================
અરજદાર તરફે વિ.વકીલ.................................શ્રી એલ.જી.શેખ
સામાવાળા તરફે વિ.એ.પી.પી............................શ્રી પી.સી.રાજપુત
========================================

**-: ચુકાદો :-**

૧. અરજદાર/આરોપી સામે અંકલેશ્વર શહેર 'એ' ડીવી.પો.સ્ટે. ગુ.રજી.નં .૧૧૧૯૯૦૦૪૨૬૦૧૯૫/૨૦૨૬ થી બી.એન.એસ.ની કલમ-૬૯, ૩૫૧(૧), ૩૫૨ તથા એટ્રોસીટી એકટની કલમ- ૩(૧)આર, ૩(૧) એસ, ૩(૨)(૫) મુજબનો ગુન્હો નોંધાયેલ. સદર ગુનાના કામે અરજદાર/આરોપી ને અટક કરી જયુડી.કસ્ટડીમાં મોકલી આપેલ હોય જેથી અરજદાર/આરોપીએ બી.એન.એસ.એસ.ની કલમ-૪૮૩ અન્વયે હાલની જામીન અરજી દાખલ કરેલ છે.

૨. અરજદાર તરફે વિ.વકીલશ્રી એલ.જી.શેખને સાંભળ્યા. શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી પી.સી.રાજપુતને સાંભળ્યા. રેકર્ડ તથા ત.ક.અ.નું સોગંદનામુ વંચાણે લીધુ.

૩. આ કામે અરજદાર/આરોપીના વિ.વકીલશ્રીએ એવી દલીલ કરેલ છે કે,અરજદારે કોઈ ગુનો કરેલ નથી. અરજદાર નિર્દોષ છે. અરજદારની ફકત શંકાના આધારે અટક કરેલ છે. અરજદારની આગોતરા જામીન અરજી ક્રિ.પ.અરજી નં.૧૮૮/૨૦૨૬ થી નામંજુર થયેલ છે. ત્યારબાદ નામ.ગુજરાત હાઈકોર્ટ ખાતે આગોતરા જામીન માટે ક્રિ.પ.અરજી નં .૯૨૦/૨૦૨૬ થી અપીલ દાખલ કરેલ હતી, જે ડીસમીસ થયેલ છે. ફરીયાદી/ભોગ બનનાર સાથે કોઈ જબરજસ્તીથી શરીર સંબંધ બંધાયેલ હોવાનુ કહી શકાય તેમ નથી. અરજદારનો કોઈ ગુનાહિત ઈતિહાસ નથી કે ગુનો કરવાની ટેવવાળા નથી. અરજદાર/આરોપી વડોદરા જીલ્લાના રહેવાસી છે, પરીવારવાળા માણસ છે, પરીવારની જવાબદારી તેમના પર છે જેથી નાસી ભાગી જાય તેવા ઈસમ નથી. અરજદાર/આરોપીને જામીન મુકત કરવામા ન આવે તો પ્રિ-ટ્રાયલ પનીશમેન્ટનો ભોગ બનવુ પડે તેમ છે. ઉપરાંત

નામ.કોર્ટ ફરમાવશે તે તમામ શરતોનું પાલન કરીશુ તેવી બાંહેધરી આપીએ છીએ જેથી જામીન મુકત કરવા અરજ કરેલ છે.

૪. શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીએ એવી દલીલ કરેલ છે કે, આરોપીએ ફરીયાદી/ભોગ બનનાર સાથે લગ્ન કરવાની લાલચ આપી શારીરીક સંભોગ કરી ફરીયાદી સાથે ગાળા ગાળી કરી તેમજ ધાક ધમકીઓ આપી ગંભીર ગુનો કરેલ છે. ભોગ બનનાર ને અરજદાર પોતાના ઘરે લઈ જઈ અમુક દિવસ રાખેલ છે અને તે બાદ તેણીને બીજી જગ્યાએ જવા દીધેલ તે બાદ અરજદાર ભોગ બનનારને કોઈ કાળજી રાખેલ નહી અને તેણીની સાથે લગ્નનુ વચન આપી શરીર સંબંધ બાંધ્યા બાદ તેણી સાથે લગ્નનો ઈન્કાર કરેલ છે. ભોગ બનનાર અન્ય સાથે લગ્ન કરવા માટે પ્રયત્નશીલ થતા અરજદારે ત્યાં તકરાર કરી ભોગ બનનારના ત્યાં લગ્ન થવા દીધેલ નહી. ભોગ બનનાર અને અરજદાર વચ્ચે લેખિતમાં કરાર પણ થયેલા છે. આમ, અરજદારે આક્ષેપાયેલ ગુનો કરેલ હોવાનુ પ્રથમ દર્શનીય રીતે ફલીત થાય છે. અરજદાર/આરોપી માથાભારે તથા ઉંચી રાજકીય વગ ધરાવે છે અને પોતે અગાઉ જુગાર ધારાના ગુના નોંધાયેલ છે. અરજદારને જામીન પર મુકત કરવામાં આવે તો ભોગ બનનારને નુકશાન પહોંચાડે તેમ છે. સદર ગુનાની પોલીસ તપાસ હાલ ચાલુ છે. જેથી અરજદાર/આરોપીની હાલની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

ભોગ બનનાર તર્ફે રજુઆત છે કે, અરજદારે તેણી પાસેથી તેણીની અમુક સોનાની વસ્તુઓ પણ લીધેલ છે, જે અરજદાર પરત કરતા નથી. અરજદારે તેણી સાથે લગ્નનુ વચન આપી શરીર સંબંધ બાંધ્યા બાદ લગ્નનો ઈન્કાર કરેલ છે અને અરજદારને ખુબ કફોડી

સ્થિતિમા મુકેલ છે. અરજદારને જામીન પર મુકત કરવામાં આવે તો અરજદાર તેણીને નુકશાન પહોંચાડી શકે તેમ હોય અરજદારની જામીન અરજી નામંજુર કરવી જોઈએ.

૫. સદર ગુનાની ટુંકમા હકીકત એવી છે કે, આ કામના આરોપી દર્શન શીરીષ ઉર્ફે સુરેશભાઈ લાલનએ આ કામના ભોગ બનનાર ફરીયાદી લતાબેન ગણેશભાઈ વસાવા પ્રેમ સંબંધ રાખી લગ્ન કરવાનો વિશ્વાસ આપી ફરીયાદીબેન સાથે અવાર નવાર શરીર સંબંધ બાંધી ફરીયાદીબેને પોલીસ સ્ટેશનમા અરજી કરતા આરોપીએ ફરીયાદીબેનને સમાધાન કરાર કરી તેમા તે તા.૧૬/૦૨/૨૦૨૨ થી બે માસ મુદૃતમા લગ્ન કરવા સ્ટેમ્પ પેપર પર લખાણ લખી આપી ફરીયાદી સાથે બે વર્ષ સુધી અંકલેશ્વરમા ભાડે મકાન રાખી લગ્ન કર્યા વગર પતિ– પત્નિની જેમ રહી અને ફરીયાદી બહેન જયારે લગ્નની વાત કરતા ત્યારે આરોપી ઝઘડાઓ કરી ગાળો આપી લગ્ન નહી કરી આરોપીએ ફરીયાદી બેનને તુ દુબળી છે. મારા ઘરમા તુ ના શોભે અમારા સમાજમા તમે ના ચાલો, તમને અમારા સમાજમા લઈ જઈએ તો અમારો માન સમ્માન ચાલ્યો જાય તેવુ જાહેરમા બોલી જાતિનુ અપમાન કરી તેમજ ફરીયાદીબેને નવેસરથી જીવન જીવવા અને લગ્ન કરી ઠરી ચામ થવાનુ વિચારતી એક છોકરા સાથે પ્રેમ સંબંધ બાંધી લગ્ન કરવા માંગતા હોય, આરોપીએ વડોદરાથી અંકલેશ્વર ફરીયાદીબેન પાસે આવી અને કોઈની સાથે સંબંધી નહી રાખવા અને તેની સાથે જ સંબંધ રાખવા ધમકીઓ આપી હેરાન કરી સંબંધ બાંધી અને તેની જાણ હાલના પ્રેમીને થતા તેણે સંબંધ તોડી નાંખેલ હોય આરોપીએ લગ્ન કરવાના બહાને ફરીયાદીબેનનુ શારીરીક

અને માનશીક શોષણ કરી તથા છેતરપીંડી કરી ગાળો બોલી તેમજ જાતિનુ અપમાન કરી ગુનો કરેલાનો આક્ષેપ છે.

૬. બંને પક્ષો તથા ભોગ બનનારની રજુઆતો સાંભળી, અરજદાર/આરોપી તરફે રજુ કરવામાં આવેલા કાગળો, એ.પી.પી. શ્રી તરફથી રજુ કરવામાં પોલીસ પેપર્સ સાથે સોગંદનામુ વંચાણે લીધુ.

૭. સદર કામે અરજદાર/આરોપી સામે બી.એન.એસ.ની કલમ–૬૯, ૩૫૧(૧), ૩૫૨ તથા એટ્રોસીટી એકટની કલમ– ૩(૧)આર, ૩(૧) એસ, ૩(૨)(૫) મુજબનો શિક્ષાપાત્ર ગુનો નોંધાયેલ છે. સદર કામેથી અરજદાર સામે આક્ષેપાયેલ બી.એન.એસ.ની કલમ– ૬૯ ની સજાની જોગવાઈ અન્વયે એટ્રોસીટી એકટની કલમ– ૩(૨)(૫) ધ્યાને લેતા સદર કામેથી અરજદાર સામે આક્ષેપાયેલ ગુનાની સંભંવિત સજા આજીવન કેદ અને દંડની જણાય છે. અરજદાર અને ભોગ બનનાર વચ્ચે આક્ષેપાયેલ સંબંધોની વિગત ધ્યાને લેતા અરજદારને જામીન પર મુકત કરવાથી પુરાવા સાથે ચેડા થવાની સંભાવના નકારી શકાય તેમ નથી. સદર ગુનાની પોલીસ તપાસ હાલ ચાલુ છે અને તેથી પોલીસ તપાસ પર વિપરીત અસર પડવાની સંભાવના નકારી શકાય તેમ નથી. તે સંજોગોમાં ગુનાની ગંભીરતા ધ્યાને લેતા હાલના તબકકે અરજદારની તરફેણમાં બી.એન.એસ.એસ.ની કલમ– ૪૮૩ અન્વયેની વિવેકાધીન સત્તા વાપરવી યોગ્ય જણાતી નથી અને તેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

બી.એન.એસ.એસ.ની કલમ– ૪૮૩ અન્વયેની અરજદાર **દર્શન શિરીષકુમાર ઉર્ફે સુરેશભાઈ લાલન** નાઓની અંકલેશ્વર શહેર

'એ' ડીવી.પો.સ્ટે. ગુ.રજી.નં.૧૧૧૯૯૦૦૪૨૬૦૧૯૫/૨૦૨૬ થી બી.એન.એસ.ની કલમ- ૬૯, ૩૫૧(૧), ૩૫૨ તથા એટ્રોસીટી એકટની કલમ- ૩(૧)આર, ૩(૧)એસ, ૩(૨)(૫) મુજબના ગુનાના કામે જામીન પર મુકત થવા દાખલ કરેલ હાલની ફો.પ.અ. (રેગ્યુ. જામીન અરજી) નં.૫૫૩/૨૦૨૬ આથી **નામંજુર** કરવામાં આવે છે.

આ હુકમ આજ **તા.૧૨ મી, માહે : ઓગષ્ટ, સને ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૨-૦૮-૨૦૨૬
સ્થળ : અંકલેશ્વર

**( સુનિલ પદમાકર રાહતકર)**
પાંચમાં અધિક સત્ર ન્યાયાધીશ,
અંકલેશ્વર, કોડ નં.જીજે૦૦૫૮૫

ISS